# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-05-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1) રાજ્યના 18 જિલ્લામાં આજે નાગરિક સંરક્ષણ અંગે મોકડ્રીલ યોજાઇ-સાંજે સાડા સાત વાગ્યાથી અડધા કલાકનું બ્લેક આઉટ.
2) ઓપરેશન સિંદૂરને રાજ્યના તમામ રાજકીય પક્ષો સહિત સામાન્ય નાગરિકો દ્વારા વ્યાપક આવકાર - મુખ્યમંત્રીએ આ કાર્યવાહીને 140 કરોડ ભારતીયની એકતાનું પ્રતિક ગણાવ્યું
3) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત સહિતના સરહદી રાજ્યોના મુખ્યમંત્રીઓ , ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી
4) સતત ત્રીજા દિવસે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ-હજુ ચાર દિવસ ગાજવીજ સાથે માવઠાની આગાહી
5) આવતીકાલે ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ જાહેર કરાશે

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# MOCK DRILL

રાજ્યના 18 જિલ્લાઓમાં આજે સાંજે 4 થી 8 વાગ્યા દરમિયાન નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ યોજાઇ રહી છે. ગાંધીનગરમાં ગિફ્ટ સિટીના રહેણાંક વિસ્તારમાં મોક ડ્રીલ યોજાઇ હતી. આ અંગે જિલ્લા કલેકટર મેહુલ દવેએ વધુ માહિતી આપી

(બાઇટ: મેહુલ દવે, જિલ્લા કલેકટર)

કચ્છ જિલ્લાના ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે અને જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોરબી, દ્વારકા, ગીર સોમનાથ જિલ્લામાં મોક ડ્રીલ યોજાઇ હતી.

રાજ્યના 18 જિલ્લાઓમાં સાંજે સાડા સાત વાગ્યા થી 9 વાગ્યા દરમિયાન બ્લેક આઉટ કરાશે. ડાંગ , ભરૂચ, નવસારી, નર્મદા, સુરત, વડોદરા અને તાપીમાં સાડા સાત થી 8 વાગ્યા સુધી બ્લેકઆઉટ કરાશે. જ્યારે જામનગર , કચ્છ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ અને મોરબીમાં 8 વાગ્યાથી સાડા 8 વાગ્યા સુધી , બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ભાવનગર, ગાંધીનગર અને અમદાવાદમાં સાડા આઠ વાગ્યાથી 9 વાગ્યા સુધી અંધારપટ કરાશે.

પાકિસ્તાન સાથે સરહદ ધરાવતાં બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ: મિહિર પટેલ કલેક્ટર )

. . . . . . . . . . . . .

# AHMEDABAD MOCK DRILL

અમદાવાદ જિલ્લામાં 8 સ્થળોએ નાગરિક સંરક્ષણ મોક ડ્રીલ યોજાઇ રહી છે. જિલ્લા કલેક્ટર સુજીત કુમારના માર્ગદર્શનમાં ધંધુકા નગરપાલિકા, વિરમગામ ટેન્ક ફાર્મ, પીરાણા સબ સ્ટેશન પાવરગ્રીડ, વટવા GIDC, ગેલોપ્સ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક , ગણેશપુરા-કોઠ મંદિર , સાણંદ GIDCમાં આવેલ ટાટા પ્લાન્ટ તથા થલતેજના પેલેડિયમ મોલ ખાતે મોકડ્રીલ યોજાઇ રહી છે. અમદાવાદ શહેર અને ગ્રામીણ વિસ્તારોમાં બ્લેકઆઉટનો સમય રાત્રિના સાડા આઠ થી 9 વાગ્યા સુધીનો રહેશે.

. . . . . . . . . . . . .

# OPERATION SINDOOR REACTIONS

ભારતીય સંરક્ષણ દળોએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં કરેલ ઓપરેશન સિંદૂરને રાજ્ય ભરમાંથી તમામ રાજકીય પક્ષો તેમજ સામાન્ય નાગરિકો દ્વારા વ્યાપક આવકાર આપવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું , પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપીને સેનાના જવાનોએ વિશ્વને ભારતના સાહસનો પરિચય કરાવ્યો છે. ઓપરેશન સિંદૂર એ 140 કરોડ ભારતીયોની એકતાનો અવાજ છે. શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ કહ્યું, વિશ્વની પ્રથમ હરોળમાં આવતી અદ્યતન સંસાધનોથી સજ્જ એવા વીર જવાનો પર અમને ગર્વ છે. જ્યારે કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ કહ્યું , ભારતીય સેનાએ આતંકવાદીઓને તેની જ ભાષામાં જવાબ આપ્યો છે.

પહેલગામ આતંકી હુમલામાં પતિ ગુમાવનાર સુરતના શીતલબેને કહ્યું , સરકારે આતંકીઓના ઠેકાણા પર હુમલો કરીને બદલો લીધો છે.

(બાઇટ: શિતલબેન,પરીવાર જન)

પહેલગામ હુમલામાં જીવ ગુમાવનાર ભાવનગરના યતિષ પરમાર , સ્મિત પરમારના પરિવારે પણ સરકાર આ કડક પગલાંને આવકાર્યું છે. તેમના પરિવારજનોએ જણાવ્યું કે સરકારે બદલો લેતા મૃતકને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ પાઠવી છે.

સાબરકાંઠા, તાપી, સ્ટેચ્યૂ ઓફ યુનિટી આવતા પ્રવાસીઓએ પણ ઓપરેશન સિંદૂર અંતર્ગત ભારતીય સેનાની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . . . .

# SHAH CM MEETING

ભારતીય સેનાના ઑપરેશન સિંદૂર પછી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં આજે સરહદી રાજ્યોના મુખ્યમંત્રીઓ , પોલીસ મહાનિદેશકો અને મુખ્ય સચિવો સાથે બેઠક યોજાઈ. બેઠકમાં ગુજરાત સહિત જમ્મુ-કાશ્મીર, પંજાબ, રાજસ્થાન, ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, સિક્કિમ, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને લદ્દાખ તેમજ જમ્મુ-કાશ્મીરના ઉપ-રાજ્યપાલ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# SOPHIA QURESHI

ભારતીય સેનાના ઓપરેશન સિંદુરની સફળતા અંગે માહિતી આપનાર કર્નલ સોફિયા કુરેશી મૂળ વડોદરાના છે. તેઓ એમ.એસ. યુનિવર્સિટીમાં બાયો કેમેસ્ટ્રીનો અભ્યાસ કરી ભારતીય સેનામાં જોડાયા છે. વર્ષ 2016માં કર્નલ સોફિયા ASEAN પ્લસ દેશોની મલ્ટીનેશનલ મિલિટરી એક્સરસાઈઝ ‘ફોર્સ 18’માં ભાગ લેનારા 18 દેશોમાં એકમાત્ર મહિલા કમાન્ડર રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ સાથે મળીને કર્નલ સોફિયાએ આજે એક સંયુક્ત પત્રકાર પરિષદ સંબોધી. જેમાં ઓપરેશન સિંદૂરના વિજય અને સેના દ્વારા લેવામાં આવેલી વ્યૂહરચનાઓ અંગે માહિતી આપી હતી.

. . . . . . . . . . . . .

# JUNAGADH ACCIDENT

જુનાગઢના ઝાંઝરડા ચોકડી ઉપર ખોદકામ દ રમિયાન ગેસની પાઈપલીનમાંથી લિકેજ થતાં લાગેલી આગમાં ૩ લોકોના મોત થયા છે જ્યારે કેટલાકને નજીકની હોસ્પીટલમાં દાખલ કરા યાં છે સાથે છ વાહનો બળીને ખાખ થયા છે ફાયર ફાઈટર ટીમ દ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.આ ઘટના અંગે એસડીએમ ચરણસિંહ ગોહિલે વધુ માહિતી આપી છે.

(બાઈટ - એસડીએમ ચરણસિંહ ગોહિલ)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

**.....................................**

# Weather-1

રાજ્યના અનેક જિલ્લામાં આજે સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ વરસ્યો હતો. આજે 161 તાલુકામાં વરસાદ નોંધાયો હતો. આણંદ જિલ્લાના ખંભાતમાં સૌથી વધુ 4 ઇંચ વરસાદ પડ્યો હતો. જ્યારે ભાવનગરમાં પણ ત્રણ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. મધ્ય ગુજરાતનાં જિલ્લાઓમાં પણ સરેરાશ એક ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

અમદાવાદ શહેરમાં આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં મોસમ સાડા ત્રણ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ભારે વરસાદને કારણે પાણી ભરાતાં બંધ કરાયેલા મીઠાખળી, પરિમલ, વેજલપુર સહિત કુલ પાંચ અંડરપાસ સાફ-સફાઈ બાદ ફરી કાર્યરત કરવામાં આવ્યાં છે. જ્યારે વાસણા બેરેજનાં બે દરવાજા 1.50 ફૂટ ખોલવામાં આવ્યાં.

વલસાડ જિલ્લામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા કમોસમી વરસાદના પગલે કેરી તેમજ ખેતીના અન્ય પાકોને વ્યાપક નુકસાન થયું છે આ ઉપરાંત વાવાઝોડામાં 450 જેટલા પાકા મકાનો 150 થી વધુ કાચા ઝૂપડાઓને નુકસાન થયું છે 28 થી વધુ મોટા ઝાડો જમીનદોસ્ત થયા હતા તો બીજી બાજુ વલસાડના તિથલ બીચ પર પણ ભારે નુકસાન થયું છે. એ અંગેનો તાત્કાલિક સર્વે કરી અસરગ્રસ્તોને વહેલી તકે વળતર આપવા અંગે વલસાડ ડાંગના સાંસદ ધવલ પટેલે રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલને રજૂઆત કરી છે

રાજપીપલા સહીત નર્મદામા વહેલી સવારથી જ ગાજ વીજ સાથે ભારે વરસાદ તૂટી પડ્યો છે. વાવાઝોડું ફૂંકાયા બાદ ખેતીના પાક સહિત કેરીના પાક ઉપરાંત કેળા , કેરી, દિવેલા, સુઢીયુ ઘાસચારો, સહિતના પાકને વ્યાપક નુકશાન થયાના અહેવાલ છે...1

# Weather-2

ડાંગ જિલ્લામાં કમોસમી વરસાદ તથા વાવાઝોડાના કારણે મુખ્ય માર્ગો ઉપર કેટલાક વૃક્ષો ધરાશાઈ થયા છે. જે બાબતને ધ્યાને લઇ માર્ગ અને મકાન વિભાગ દ્વારા ત્વરિત કાર્યવાહી હાથ ધરી વૃક્ષોનો નિકાલ કરી માર્ગો ખુલ્લાં કરાયા હતાં.

પંચમહાલના ગોધરા શહેર સહિત કેટલાક વિસ્તારોમાં ત્રાટકેલા ભારે પવન સાથેના વાવાઝોડાને લીધે અનેક જગ્યાઓએ નાનામોટા હોર્ડિંગ , વૃક્ષો તેમજ વીજપોલ ધરાશાથી થયા હતા , તો વળી 3 હજાર આંબા પરની કેરીઓ જમીન દોસ્ત થઇ હતી. ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો પડતાં ૧૫ પશુઓના મૃત્યુ થયા હતા. ૯ જેટલા વ્યક્તિઓને નાનીમોટી ઈજાઓ પહોંચી હતી. . . . . . . . . . . . . .

# WEATHER FORECAST

રાજ્યમાં આગામી ચાર દિવસ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે.

આવતીકાલે સાબરકાંઠા, અરવલ્લી, આણંદ, મહિસાગર, ભરૂચ, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું હતું.

(બાઇટઃ ડૉ.એ.કે.દાસ, નિયામક, હવામાન વિભાગ)

. . . . . . . . . . . . .

# BOARD RESULT

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષાનું પરિણામ આવતીકાલે જાહેર કરાશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા અનુસાર આવતીકાલે સવારે 8 કલાકે પરિણામ જાહેર કરવામાં આવશે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઇટ www.gseb.org પર પોતાનો બેઠક ક્રમાંક નાખી પરિણામ જોઈ શકશે . આ ઉપરાંત વોટ્સએપ નંબર 6357300971 પર પણ પોતાનો બેઠક ક્રમાંક મોકલીને પરિણામ મેળવી શકશે.

. . . . . . . . . . . . .